पुनना International School
Shree Swaminarayan Gurukul, Zundal

| EXAM 2020-21 | | | | | |
|---|---|---|---|---|---|
| Student's Name | | | | | |
| Date | | Grade | X | Roll No. | |
| Subject | Gujarati | Marks | 80 | Teacher's Sign | |

## PART – A ( ADVANCED READING SKILL)

**Q-1 નીચેનો ફકરો વાંચી તેનાં પ્રશ્નોનાં જવાબ સાચો વિકલ્પ પસંદ કરી લખો. [ 6 MARKS ]**

"આશા એ એવું તત્વ છે જે તમને સફળતા તરફ લઇ જાય છે. આશા અને વિશ્વાસ વગર કાંઇ પણ કરી નથી શકાતુ". આ વાક્ય છે મહાન હેલન કેલરનું જે પોતે અંધ અને બહેરા હતાં પણ વિશ્વાસથી ભણીને તેમણે આર્ટસની ડિગ્રી પ્રાપ્ત કરી.( તેઓ વિશ્વની પ્રથમ એવી વ્યક્તિ હતી કે જેણે અંધ હોવા છતાં આ ડિગ્રી પ્રાપ્ત કરી હોય ) તેમણે 12 પુસ્તકો લખ્યાં હતાં. એવું કહેવાય છે કે ભગવાનનો એક એવો નિયમ છે કે આ જગતમાં શ્રમ વિના કંઇ પ્રાપ્ત થતું નથી. જે પૂરા આત્મવિશ્વાસથી પરિશ્રમ કરે છે તે બધુ જ મેળવીને રહે છે અને ક્યારેય નિરાશ થતો નથી. દરેક કાર્યના પ્રારંભે સફળતા હોય એ શક્ય નથી પણ સફળતા હશે જ એવી આશા રાખનારો માનવી સફળ જ થાય છે. જે આશાવાદી છે તેની પાસે સર્વસ્વ છે કેમ કે આ દુનિયા જ આશા પર ટકી છે. પુરુષાર્થ દરમિયાન તમારે સીમિત નિરાશા સ્વીકારવી પડે પણ તેની સામે અસીમિત આશા ક્યારેય ના છોડવી...... સફળતા પ્રાપ્ત કરવા બીજાની સહાય કે બાહ્ય સાધન કરતા તમારો આત્મવિશ્વાસ અધિક મદદરૂપ થાય છે.

1 સફળતા મેળવવા માટે જીવનમાં શું હોવું જરૂરી છે ?

અ) જ્ઞાન ‌ બ) ઇચ્છા ‌ ક) આશા ‌ ડ) સમય

2 હેલન કેલર કેવા હતા ?

અ) મૂંગા અને અંધ ‌ બ) અંધ અને બહેરા

ક) બહેરા અને મૂંગા ‌ ડ) અપંગ અને અંધ

3 સફળતા પ્રાપ્ત કરવા શું મદદરૂપ બની શકે છે ?

અ) તમારો ધ્યેય ‌ બ) તમારા મિત્ર ‌ ક) તમારો પ્રેમ ‌ ડ) તમારો આત્મવિશ્વાસ

4 હેલન કેલરે કઇ ડિગ્રી પ્રાપ્ત કરી હતી ?

અ) આર્ટસ ‌ બ) એમ.બી.એ ‌ ક) બી.કોમ. ‌ ડ) એલ.એલ.બી

5 ભગવાનનો નિયમ શું છે ?

અ) દરેકને નિરાશા આપવી ‌ બ) શ્રમ વિના કંઇ પ્રાપ્ત થતું નથી

ક) જીવનમાં કોઇ આશા ન રાખવી ‌ ડ) શ્રમ કરે તે નિરાશા જ થાય છે

6 પુરુષાર્થ દરમિયાન આપણે શું ન છોડવું જોઇએ ?

અ) અસીમિત આશા  બ) સીમિત નિરાશા

ક) સીમિત આશા  ડ) અસીમિત નિરાશા

**Q-2 નીચેનો ફકરો વાંચી તેનાં પ્રશ્નોનાં જવાબ સાચો વિકલ્પ પસંદ કરી લખો. [ 5 MARKS ]**

જીવન એક અમૂલ્ય ભેટ છે, પરંતુ આ ભેટ જ્યારે અભિશાપ લાગવા માંડે ત્યારે ? આજે જીવન અતિશય ઝડપી અને યાંત્રિક થઇ ગયુ છે. બસ, યંત્રની જેમ દરરોજ રાત્રે ઊંઘ કરી ચાર્જ થઇ જવાનું અને ફરી પાછા દિવસ દરમિયાન એ જ ઝડપે કામે લાગી જવાનું દિવસ દરમિયાન જીવન જીવવાનો લાગતો આ ડર કેવો વિચિત્ર અનુભવ છે ! હા, રસ્તા પર ચાલીએ કે વાહન ચલાવતા અકસ્માતનો ડર, બહારગામ મુસાફરી કે અન્ય શહેરોમાં રહેવામાં બોંબ બ્લાસ્ટનો ડર. અરે ...! ક્યારેક તો સ્વયંમને સચોટ સાબિત કરવા માટે લાગતો ડર, તો ક્યાંક પતિ – પત્નિને લગ્નજીવનનો ડર, માતા – પિતાને સંતાનના ઉજ્જ્વળ ભવિષ્યનો ડર, બહાર ખાન-પાનમાં બિમારીનો ડર.. બસ, આ બધામાંથી સ્વયંમને પણ સ્વયંમથી લાગતો ડર.. લાગે છે જીવન જીવવાનો ડર .......

આજે જીવન કોઇ જગ્યાએ જીવંત અને સલામતી ભર્યું રહ્યું નથી.આપણાં જીવનમાં દરેક બાબતે "ડર" એટલો સાહજિક થઇ ગયો છે કે ડગલે ને પગલે આપણે અસંખ્ય ડરથી ઘેરાઇ ગયા છીએ અને આ ડરના કારણે જ આપણી માનસિકતા ખતમ થવા લાગી છે. વિના કારણ ગુસ્સો, કંટાળો, નિરાશા, ઉદ્વેગ આ બધું જ ઘેરાવા લાગે છે. આજે સુખ અને શાંતિથી કોઇ ડર રાખ્યા વગર જીવન જીવનાર કોઇ વ્યક્તિ રહ્યું નથી. જીવનને એક અમૂલ્ય ભેટ માનનાર કોઇ વ્યક્તિ, સમાજ કે વિશ્વ આ ડરથી બાકાત નથી. દરેકને સતાવે છે જીવન જીવવાનો ડર...

1 પોતાને કેવો સાબિત કરવા માટે ડર લાગે છે ?

અ) પ્રામાણિક  બ) સજ્જન  ક) સચોટ  ડ) ચતુર

2 માતા – પિતાને શાનો ડર રહે છે ?

અ) સંતાનના પાલન પોષણનો  બ) સંતાનના ઉજ્જ્વળ ભવિષ્યનો

ક) સંતાનના ભણતરનો  ડ) સંતાનના વર્તનનો

3 વાહન ચલાવતા શાનો ડર લાગે છે ?

અ) અકસ્માતનો  બ) માનવનો  ક) પોલીસનો  ડ) ભગવાનનો

4 આજનું જીવન કેવું બની ગયું છે ?

અ) તાંત્રિક  બ) યાંત્રિક  ક) અમૂલ્ય  ડ) વ્યસ્ત

5 આજે જીવન કેવું રહ્યું નથી ?

અ) સરળ અને સાહજિક  બ) જીવિત અને સુરક્ષિત

ક) જીવંત અને સલામતી ભર્યું  ડ) સહજ અને સલામત

**Q-3** નીચેનું કાવ્ય વાંચી તેનાં પ્રશ્નોનાં જવાબ સાચો વિકલ્પ પસંદ કરી લખો. ( કોઇ પાંચ )

**[ 5 MARKS ]**

પુનિત વર્ષના પુણ્ય પ્રભાતે, જ્યોત નવી લહેરાય
આઝાદીના રંગ અવનવા પૂરવમાં પૂરાય ......
આજના શુભ દિવસે
જાગજે હસી હસીને !
અંગ અંગમાં ભરી ઉમંગે રંગ નવા લાવી ઉષા !
મુક્તિ કેરા મંગલ ગીતો ગાયે આજે દશે દિશા !
આજનાં પાવન ટાણે
ગીત ગૌરવનાં ગાને !
કૈંક વર્ષ જે સહી ગુલામી, પડી યાતના – વૃષ્ટિ !
તૂટી જોને જુલ્મ જંજીરો, સર્જ નવી તું સૃષ્ટિ !
આજના ગૌરવ દિને !
દીનનાં દુ:ખડા પી લે !
સત્ય તણી શમશેર વડે તું પાપીને દેજે પડકાર !
સ્વાર્પણ કેરાં દીપ થકી તું વિશ્વતણાં તિમિર વિદાર !
આજથી કમ્મર કસજે !
હસાવી સહુને, હસજે !
સેવાની સુવાસ સરાવી વિશ્વ તણી વાડી મ્હેંકાવ !
આલમની આબાદી કાજે આત્માનાં ઓજસ રેલાવ !
સળી તુ ધૂપની થાજે !
સહુને સુવાસ પાજે !
પુણ્ય શ્લોક 'બાપુ' ના મંત્રો, જીવનમાં આચરજે !
માનવતાની મંઝિલ ઉપર ત્યાગ – તેજ પાથરજે !
પ્રેમનાં પાઠ તું ભણજે ! ઐક્ય અમૃત રેલવજે !

1 આઝાદીના રંગ ક્યાં પૂરાય છે ?

અ) આકાશમાં બ) પૂરવમાં ક) દક્ષિણમાં ડ) પાતાળમાં

2 આ કવિતામાં 'આઝાદી' માટે બીજો ક્યો શબ્દ પ્રયોજાયો છે ?

અ) સ્વતંત્રતા બ) મુક્તિ ક) ગુલામી ડ) આબાદી

3 કોના મંત્રો આચરવાનું કવિ કહે છે ?

અ) બાપુના બ) સંતોના ક) ભક્તોના ડ) ભગવાનના

4 આ કવિતામાં શેના મંગલ ગીતો ગાવાનું કહ્યું છે ?

અ) દેશનાં બ) ભક્તિનાં ક) મુક્તિના ડ) ગુલામીના

5 આઝાદીના વર્ષને કવિ કેવું વર્ષ કહે છે ?

અ) પવિત્ર બ) પુનિત ક) પૂર્ણ ડ) પાવન

6 વિશ્વની વાડી શાનાથી મહેકે છે ?

અ) સેવાથી બ) સાહસથી ક) સત્યથી ડ) સુમનથી

## ( Literature )

**Q-4 નીચે આપેલા પ્રશ્નોમાથી કોઇ પણ આઠ પ્રશ્નોના જવાબ સાચો વિકલ્પ પસંદ કરી લખો. [8 MARKS]**

1 'હાથ મેળવીએ' કૃતિનો પ્રકાર

અ) ગીત બ) ઊર્મિકાવ્ય ક) સોનેટ ડ) પદ

2 'ટિફિન' પાઠમાં કૂતરી અને ગાય માટે ક્યા શબ્દો વાપર્યા છે ?

અ) કાળવી , ગોરવી બ) કાળવી , કામધેનું

ક) માતા , કાળવી ડ) ગોરી , કાળી

3 'પ્રયાણ' પાઠના લેખક કોણ છે ?

અ) વિકાસ શર્મા બ) વિનોદ ભટ્ટ ક) પ્રેમજી પટેલ ડ) રમણભાઇ નીલકંઠ

4 હાઇકુમાં ........... અક્ષરની .............. પંક્તિ હોય છે.

અ) પંદર, ત્રણ બ) સત્તર ,ચાર ક) સત્તર, ત્રણ ડ) સોળ, ત્રણ

5 'સામગ્રી તો સમાજની છે ને !' પાઠમાં ક્યા દેશની વાત કરી છે ?

અ) અમેરિકા બ) જર્મની ક) ભારત ડ) કેનેડા

6 'મોરલી' કાવ્યમાં કૃષ્ણ માટે ક્યો શબ્દ વપરાયો નથી ?

અ) માખણચોર બ) ગિરિધર ક) પ્રભુ ડ) વ્હાલો

7 મુંબઇ માટે પાઠમાં ભદ્રંભદ્ર ક્યો શબ્દ પ્રયોજે છે ?

અ) મુંબાઇ બ) મોહમયી ક) મૂલ્યપત્રિકા ડ) મેદ

8 'ઝબક જ્યોત' પાઠમાં દીપકના માતાનું નામ શું છે ?

અ) મેના બ) મીના ક) મૈના ડ) ઊર્મી

9 કવિ કરસનદાસ માણેકનું ઉપનામ શું છે ?

અ) સુંદરમ બ) શેષ ક) વૈશંપાયન ડ) ઉશનસ

10 જેઠીબાઇના પતિનું નામ શું હતું ?

અ) પંજુ ખત્રી  બ) રાજુ ખત્રી  ક) પંજુ ઠાકર  ડ) અંજુ ખત્રી

## ( Applied Grammar)

**સૂચના મુજબ સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો.**

**Q-5 નીચે આપેલા રૂઢિપ્રયોગના સાચા અર્થ લખો (કોઇ ચાર ) [4 MARKS]**

1 'રઘવાયા થવું'

અ) ગાંડા થવું  બ) મૂર્ખ બનવું  ક) ચિંતિત થવું  ડ) બહુ જ ઉતાવળા થવું

2 'ધૂળમાં મળી જવું'

અ) ખરાબ થઇ જવુ  બ) નીચે પડી જવુ

ક) ખોવાઇ જવુ  ડ) નાશ પામવું

3 'રસ્તો કાઢવો'

અ) જગ્યા શોધવી  બ) ઉપયોગ કરવો

ક) ઉપાય શોધવો  ડ) ઇલાજ કરવો

4 'લાગી આવવુ'

અ) દુ:ખ થવું  બ) ચિંતા થવી  ક) પરેશાન થવું  ડ) મૂંઝવણ થવી

5 'આંજી નાખવું'

અ) રાજી કરવુ  બ) બેભાન કરવુ  ક) માંજી નાંખવુ  ડ) પ્રભાવિત કરવું

**Q-6 નીચે આપેલા શબ્દ સમૂહ માટે એક શબ્દ શોધો ( કોઇ ચાર ) [4 MARKS]**

1 સાપને રહેવાનુ ઘર ......

અ) માળો  બ) ગુફા  ક) દર  ડ) રાફડો

2 મુલાકાત માટેનો બેઠકનો ઓરડો ........

અ) પ્રાર્થના ખંડ  બ) દીવાનખાનું

ક) ભોજન ખંડ  ડ) શયન ખંડ

3 ગિરિને ( પર્વતને ) ધારણ કરનાર .....

અ) ગિરનાર  બ) ગિરિવર

ક) ગિરિધર  ડ) ગિરિશંખ

4 પરાણે કરાવામાં આવતું કામ .....

અ) મહેનત  બ) વૈતરું  ક) જુલમ  ડ) કમગીરી

5 આગથી ચાલતી ગાડી ......

અ) આગગાડી બ) બળદ ગાડી ક) આગ બ્રિગેડ ડ) મોટર કાર

**Q-7 સૂચના મુજબ સાચા જવાબ શોધો ( કોઇ ચાર ) [4 MARKS]**

1 'માન્ય' નો વિરોધી શબ્દ.....

અ) અપમાન્ય બ) સ્વમાન્ય ક) ગેરમાન્ય ડ) અમાન્ય

2 નીચેનામાંથી વિરોધી શબ્દની કઇ જોડી સાચી છે ?

અ) અંધારુ X ઉજાસ બ) અંધારુ X અજવાળું

ક) અંધારુ X પ્રકાશ ડ) અંધારુ X ઉજ્જ્વળ

3 નીચેનામાંથી ક્યા સમાનાર્થી શબ્દો સાચા છે ?

અ) પ્રશંસા, પ્રસન્ન, પ્રગતિ બ) પ્રશંસા, વખાણ, સ્તુતિ

ક) પ્રશંસા, ખ્યાતિ, યશ ડ) પ્રશંસા, દોષ, ક્ષતિ

4 નીચેનામાંથી ક્યો શબ્દ 'ઘોડા' નો સમાનાર્થી છે ?

અ) હસ્ત બ) ધવલ ક) તુરગ ડ) તરંગ

5 નીચેનામાંથી ક્યો શબ્દ 'મતિ' નો સમાનાર્થી નથી ?

અ) મેઘા બ) બુદ્ધિ ક) ગતિ ડ) પ્રજ્ઞા

**Q-8 સૂચના મુજબ સાચા જવાબ શોધો ( કોઇ ચાર ) [4 MARKS]**

1 નીચેનામાથી ક્યુ વાક્ય સાચું નથી ?

અ) કૃષ્ણએ ગંગાજળથી સ્નાન કર્યું. બ) કૃષ્ણએ નિર્મળ નીરથી સ્નાન કર્યું

ક) કૃષ્ણએ ગંગાજળના પાણીથી સ્નાન કર્યું ડ) કૃષ્ણએ ગંગોદકથી સ્નાન કર્યું

2 નીચેનામાંથી ક્યુ વાક્ય સાચું છે ?

અ) સૂર્યનો સૂર્યોદય થયો છે. બ) સૂર્યોદય થયો.

ક) સવાર થતા જ સૂર્યોદય થયો ડ) સૂરજ ઊગ્યો અને સૂર્યોદય થયો

3 જેઠીબાઇ બધાને પ્રેમથી રાખતા હતાં. ( આ વાક્યમાથી અનુગ શોધો )

અ) બધાને, હતાં બ) ને, થી

ક) પ્રેમથી, રાખતા ડ) ને, હતા

4 કઠિયારાએ કુહાડી<u>થી</u> ઝાડ કાપ્યુ. ( રેખાંકિત અનુગના સ્થાને નામયોગી લખો. )

અ) સાથે બ) અંદર ક) જોડે ડ) વડે

5 રાજારામ મોહનરાય દ્વારા આદેશ આપવામાં આવ્યો હતો. ( નામયોગી શોધો. )

અ) હતો બ) રાય ક) આવ્યો ડ) દ્વારા

## PART – B ( વર્ણનાત્મક પ્રશ્નો ) ( Literature)

**Q-9 નીચેની કાવ્ય પંક્તિ વાંચી પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં આપો ( કોઇ બે ) [2 MARKS]**

કડવા હોય લીમડા, પણ શીતલ એની છાંય,
બાંધવ હોય અબોલડા, તોય પોતાની બાંય.

1 લીમડાની વિશેષતા શું છે ?
2 અબોલડા એટલે શુ ?
3 ‘દુહા’ની વિશેષતા શું છે ?

**Q-10 નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર 25-30 શબ્દોમાં લખો ( કોઇ ચાર ) [8 MARKS]**

1 કવિને પોતાનું જીવન કઇ રીતે અંજલિરૂપ બનાવવું છે ?
2 ‘મોરલી’ કાવ્યને આધારે કૃષ્ણના પહેરવેશનું વર્ણન કરો.
3 માનવીના હાથ ક્યા ક્યા કામો કરે છે ?
4 ‘પૂર્ણ ઘડા’ દ્વારા કવિ શું કહેવા માગે છે ?
5 નાયિકા દીવાનખાનામાં કઇ રીતે ફેરફાર કરે છે?

**સૂચના મુજબ આપેલા પ્રશ્નોના જવાબ આપો**

**Q-11 ગદ્યખંડ વાંચી આપેલા પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં લખો.( કોઇ ત્રણ) [8 MARKS]**

મને તો એમ કે બિલ્લીના બચ્ચાં પહેલા તો સંતાઇ જશે, દોસ્તી બાંધતા દિવસો જશે. આવો જૂનો અનુભવ. એતો ભાગ્ય નહીં એટલે જરા આત્મવિશ્વાસથી મે એમને પુચકાર્યા. એમની ભોળી, કૂટડી આંખોમાં નર્યું વિસ્મય છલકાયું. ભાગવું કે ઊભા રહેવું એ નક્કી ના થતાં એ વચ્ચેની સ્થિતિમાં દેખાયા. હું હળવેથી નીચે બેસી પડી. ત્રણમાંનું સહુથી મોટું મારી નજીક આવ્યું. ત્રાંસુ-ત્રાંસુ ચાલતું, એનો કોઇ પેંતરો હોય એ ઢબે. મેં જરાક હાથ લંબાવ્યો, શ્વાસ રોકીને, પછી એને ગાલે, દાઢીએ, ગર્દન પર મારી આંગળીઓ ફેરવી. મોટેભાગે બિલાડીઓ આ ભાષા જાણે જ. એ તરત રાજી રાજી થઇ વહાલભરી ધુરધુરાટી બોલાવતું સાવ પાસે આવી ગયું.

1 સહુથી મોટું બચ્ચું કઇ રીતે આવ્યુ ?
2 બિલાડીના બચ્ચા કઇ જાતિના હતા ?
3 બચ્ચાંની આંખોનું વર્ણન લેખિકાએ કેવી રીતે કર્યું છે ?
4 ઉપરોક્ત ગદ્યખંડ ક્યાં પાઠમાથી લેવામાં આવ્યો છે ?

**Q-12 નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર 30-40 શબ્દોમાં લખો ( કોઇ ત્રણ ) [9 MARKS]**

1 ભદ્રંભદ્રનું વર્તન ક્યારે ક્યારે હાસ્ય જન્માવે છે ?
2 અમથીમાનો જીવદયા પ્રેમ વર્ણવો ?
3 જેઠીબાઇએ પોર્ટુગલની રાણીને આપવા માટેની અરજી કેવી રીતે તૈયાર કરી ?
4 વૃદ્ધ સ્ત્રીઓએ ખોરાક છાંડનાર માટે શું કર્યુ ?
5 દીપક કઇ રીતે ઘવાયો ?

**( EFFECTIVE WRITING SKILL )**

**Q-13 નીચે આપેલા મુદ્દા પરથી કોઇપણ એક વિષય પર 150 થી 200 શબ્દોમાં નિબંધ લખો [7 MARKS]**

**1. "જિંદગીએટલે ઝિંદાદિલી"**

મુદ્દા : - 1. પ્રસ્તાવના 2. જીવનમાં વિવિધ ક્ષેત્રોમાં ઝિંદાદિલી 3. સંતો – મહંતો અને મહાપુરુષોની ઝિંદાદિલી 4. ઝિંદાદિલી માણસ કેવો હોય ? 5. મુર્દાદિલ માણસો
6. ઉપસંહાર

**2. " જીવનમાં વિદ્યાધનનું મહત્વ" –**

મુદ્દા : - 1. પ્રસ્તાવના 2. મનુષ્ય એટલે ઇચ્છાઓનું પોટલું 3. નાણાંની જરૂર 4. વિદ્યાધનનુ મહત્વ 5. ઉપસંહાર

**Q-14 નીચે આપેલા મુદ્દા પરથી બોધ અને શીર્ષક સાથે વાર્તા લખો. [6 MARKS]**

મુદ્દા : - અકબરનો દરબાર – એક સરખાં બે ફૂલ – એક સાચું, એક બનાવટી – ફૂલને સ્પર્શ કર્યા વિના દૂરથી ઓળખવાની પરીક્ષા – બધા દરબારીઓની મૂંઝવણ – બિરબલની યુક્તિ – મધમાખી પકડી લાવવી – ઉત્તર આપવો – બાદશાહની બિરબલને શાબાશી.

**અથવા**

મુદ્દા : - નગરનો માર્ગ – માર્ગમાં પથ્થર – પથ્થર અનેકને નડે છે – કોઇ પથ્થર ખસેડતું નથી. – છેવટે એક માણસ પથ્થર ઉપાડે છે. – પથ્થર નીચેથી રાજાની ચિઠ્ઠી અને સોનામહોર નીકળે છે. – ચિઠ્ઠીમાં લખ્યું છે, " પથ્થર ખસેડવાનું ઇનામ " – નગરજનો પર તેની અસર – બોધ

**Q-15** તમારા વિસ્તારમાં અસમાજિક તત્વો અને માથાભારે વ્યક્તિઓને કારણે ભય અને ત્રાસનું વાતાવરણ ફેલાયેલું છે. તો વિસ્તારની સલામતી માટે યોગ્ય પગલા લેવા કમિશ્નરશ્રીને ફરિયાદ કરતો પત્ર લખો **[5 MARKS]**

**અથવા**

"પ્લાસ્ટિક મુક્ત ભારત " વિષય પર સચિત્ર જહેરાત તૈયાર કરો.